નં.ડીએમ/ખેતમજુર/૪૭૩૫૧૩(૧)/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૨૨/૦૮/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામુ

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર હાલના પ્રવર્તમાન સંજોગોમાં મોટા ભાગના ખેડુતો પોતાની ખેતીવાડીમાં કામ માટે પરપ્રાંતના તથા બીજા જિલ્લાના લોકોને રાખે છે. મોટા ભાગે આવા લોકો પરપ્રાંતના તથા બીજા જિલ્લાના હોય છે. તેઓ અવાર–નવાર જે જગ્યાએ કામ કરે છે તે જગ્યાએ અગર આજુ બાજુમાં રહેતા લોકોના ઘરમાં, ખેતરમાં અને ધંધાના સ્થળે જઈ ચોરી, લુંટ, ગંભીર પ્રકારના હુમલા કરી લોકોની જીંદગીની ખુવારી થાય અથવા લોકોની સંપતિને નુકશાન થાય તેવુ કૃત્ય કરે છે. આવા લોકો ગંભીર પ્રકારના ગુન્હા કરી નાસી જાય છે. આવા લોકોને મજુરી અર્થે કામ પર રાખનાર વાડી માલિક પાસે આવા લોકોના ટુંકા નામ સિવાય વિશેષ કોઈ માહિતિ હોતી નથી. જેને કારણે આવા ગુન્હેગાર લોકોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે. તેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, લોકોની જીંદગીની અને સંપતિની સલામતિ જળવાઈ રહે તે માટે પરપ્રાંતના તથા બીજા જિલ્લાના લોકોને ખેતી વાડીમાં કામે રાખતા માલિકો ઉપર નિયંત્રણ મુકવા અંગેની પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર,** જી.એ.એસ, **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,** જામનગર, જિલ્લોઃ જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ તળે મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છુ કે, જામનગર જિલ્લામાં કોઈપણ ખેતી વાડીના માલિક પોતાના ખેતરમાં પરપ્રાંતના તથા બીજા જિલ્લાના હોય તેવા લોકોને કામ માટે રાખે ત્યારે તેણે નીચે જણાવેલ નમુના મુજબના ફોર્મમાં જરૂરી વિગતો અને આધારો સબંધિત પોલીસ સ્ટેશનને રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાના રહેશે.

### <u>ખેતી કામ માટે રાખેલ પરપ્રાંતના વ્યકિતની માહિતિ</u>

| ક્રમ | મુદો |
|---|---|
| ૧ | ખેતી કામ માટે રાખેલ વ્યકિતનું પુરૂ નામ, સરનામું, ઉમર, (ફોટો આઈ.ડી. પ્રુફની નકલ સાથે) |
| ૨ | ખેતી કામ માટે રાખેલ વ્યકિતનું હાલનું રહેણાંકનું સરનામુ તથા મોબાઈલ નંબર / સંપર્ક નંબર |
| ૩ | તેની સાથે બીજા માણસો રહેતા હોય તો તેના નામ–સરનામા |
| ૪ | જેને ત્યાં કામ કરતા હોય તે વાડી માલીકનું નામ–સરનામુ |
| ૫ | કોઈ મારફતે આવી વ્યકિતને કામે રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ–સરનામુ |
| ૬ | અગાઉ કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનુ નામ–સરનામુ |
| ૭ | સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલ વ્યકિતના ઓળખીતા રહેતા હોય તો તેના નામ–સરનામા, ફોન નંબર |
| ૮ | કામે રાખેલ વ્યકિતના વતનનું પુરૂ સરનામુ, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા, પિતા, ભાઈ, બહેનની વિગત |
| ૯ | પરણિત હોય તો પત્ની/પતિનું તથા સસરાનું સરનામુ |
| ૧૦ | આવી વ્યકિતની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરીક કોઈ નિશાની પૈકી શકય હોય તેટલી વિગતો આપવી |

આવી મુખ્ય વ્યકિતનો તાજેતરનો ફોટો

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર આઈ.પી.સી.કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા.૨૨/૦૮/૨૦૨૩ થી તા.૨૦/૧૦/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાંની જાહેર જનતાને પુરતી જાણકારી મળી રહે તે માટે તેની અખબારમાં બહોળી પ્રસિધ્ધી કરવી અને જે તે પોલીસ સ્ટેશનના અધિકારીએ પણ લોકોને જાણકારી મળી રહે તેવી કાર્યવાહી કરવી.

આજ તા.૨૨ માહે : ઓગષ્ટ – ૨૦૨૩ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

Office of the District Magistrate, Jamnagar District (seal)

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

<u>નકલ રવાના</u> :–

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
...આપના તાબાના તમામ પોલીસ સ્ટેશનને આ બાબતે વાકેફ કરવા વિનંતી સહ.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૩. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા, જામનગર.

૪. સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર(શહેર)/(ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૫. નાયબ પોલીસ અધિક્ષક, જામનગર(શહેર)/(ગ્રામ્ય)

૬. મામલતદારશ્રી, જામનગર(શહેર)/(ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂં.

૮. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
...સદરહુ જાહેરનામાની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.

૯. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
...ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૦. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, કલેકટર કચેરી, જામનગર
..... ઉકત જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૧. સિલેકટ ફાઈલે

<u>નકલ સવિનય રવાના</u> :–

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર

૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
...જાણ થવા વિનંતી સહ.